પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

તાપમાન
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૪૬ ટકા

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૫૦ | ૨૧ નવેમ્બર, ૨૦૧૬, સોમવાર ; કારતક વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# કાનપુર પાસે ભીષણ રેલ દુર્ઘટના : ૯૬ના મોત

## વહેલી પરોઢે પટણા - ઇન્દોર એક્સપ્રેસ પાટા ઉપરથી ખડી પડતા ભારે જાનહાની : ઇજાગ્રસ્ત ૭૬ની હાલત હજુ ગંભીર : મોતનો આંકડો વધવાની દહેશત બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ

કાનપુર, તા.૨૦

કાનપુર નજીક પટણા-ઈન્દોર એક્સપ્રેસ દુર્ઘટનાગ્રસ્ત થતાં ૯૬થી વધુ પ્રવાસીઓના મોત થઈ ગયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. તાજેતરના વર્ષોની સૌથી ભીષણ રેલ દુર્ઘટના તરીકે આને ગણવામાં આવે છે. ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. ૧૪ ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. ઈન્દોરથી પટણા તરફ જઈ રહેલી ઈન્દોર-પટણા એક્સપ્રેસ ૧૩૨૨૧ આજે વહેલી પરોઢે ૩.૧૦ વાગે કાનપુર નજીક પુખરાયામાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગઈ હતી. ૧૪







ડબ્બા પાટા પરથી ખડી પડ્યા હતા. ૧૪ ડબ્બા પાટા પરથી કઈ રીતે ખડી પડ્યા તે મામલામાં હજુ ચિત્ર સ્પષ્ટ થયું નથી. તપાસ ચાલી રહી છે. જે સમયે આ અકસ્માત સર્જાયો ત્યારે લોકો ઉંઘમાં હતા જેથી મોતનો આંકડો વધી ગયો છે. આ અકસ્માતમાં ૭૬ લોકો ગંભીરરીતે ઘાયલ થયા છે જ્યારે ૧૫૦થી વધુ લોકોને નજીવી ઈજા થઈ છે. બચાવ અને રાહત કામગીરી તરત જ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. કાનપુર રેંજના આઈજી જકી અહેમદે કહ્યું છે કે, ૯૬ના મોતના અહેવાલને સમર્થન મળી ચુક્યું છે. તમામ ડબ્બા ખરાબરીતે દુર્ઘટનાગ્રસ્ત અને

● અનુસંધાન પાના - ૭ પર

# દલાલ સ્ટ્રીટમાં ઉથલપાથલના સંકેતો

મુંબઈ, તા. ૨૦

શેરબજારમાં આવતીકાલથી શરૂ થતા નવા કારોબારી સેસન દરમિયાન ભારે પ્રવાહી સ્થિતી રહી શકે છે. કારણ કે કેટલાક પરિબળો જવાબદાર દેખાઈ રહ્યા છે. શેરબજારમાં આવતીકાલથી શરૂ થતાં નવા સત્રમાં પાંચ પરિબળોની મુખ્યરીતે અસર થશે જેમાં અમેરિકામાં હાલમાં જ પ્રમુખપદની ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પની જીત, અમેરિકામાં વ્યાજદરને લઈને રહેલી દહેશત, ટ્રમ્પની નીતિઓને લઈને દહેશત, સંસદના શિયાળુ સત્રની કામગીરી, નવેમ્બરના એફએન્ડઓફ પૂર્ણાહુતિ, ટેકનિકલ આઉટલુક, સપ્ટેમ્બર મહિનાના ત્રિમાસિક ગાળાના પરિણામોની અસર જોવા મળી શકે છે.

છેલ્લા રજા સાથે જોડાયેલા સપ્તાહ દરમિયાન ભારે ઉથલપાથલ રહી હતી. બેન્ચમાર્ક ઈન્ડેકસ ૧૮મી નવેમ્બરના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન છ મહિનાની નીચી સપાટી પર પહોંચી ગયો હતો. જુની બંધ કરવાના મુદ્દે કોઈ પણ નવા ઘટનાક્રમની સીધી અસર જોવા મળી શકે છે. કોર્પોરેટ કમાણીની અસર પણ જોવા મળી શકે છે. ગંભીરતાપૂર્વક બજાર ઉપર નજર રાખનાર લોકોનું કહેવું છે કે, બજારમાં હાલમાં અંધાધૂંધી રહેશે.

# GSTના વહીવટી નિયંત્રણના મુદ્દે મડાગાંઠ હજુ યથાવત

નવીદિલ્હી, તા. ૨૦

સૂચિત ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ જીએસટી વ્યવસ્થા હેઠળ વહીવટી નિયંત્રણને લઈને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે મડાગાંઠ સર્જાયેલી છે. આજે નાણા મંત્રી અરુણ જેટલી દ્વારા બોલાવવામાં આવેલી અનૌપચારિક બેઠકમાં પણ આ મડાગાંઠનો ઉકેલ આવી શક્યો નહતો. રાજ્યોના નાણા મંત્રી સાથે જેટલીએ બેઠક યોજી હતી પરંતુ આ બેઠકમાં પણ નવી વ્યવસ્થા હેઠળ વહીવટી નિયંત્રણના મુદ્દે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે મડાગાંઠ અકબંધ રહી હતી. એક્સાઈઝ ડ્યુટી અને સર્વિસ ટેક્સ અને વેઈટ જેવા ટેક્સના મુદ્દા ઉપર વિવાદનો ઉકેલ આવી શક્યો ન હતો. એકબાજુ રાજ્યો ૧.૫ કરોડ સુધી વાર્ષિક ટર્નઓવર ધરાવનાર તમામ વસ્તુઓના અંકુશને લઈને પોતાનો અધિકાર હોવાની વાત કરી હતી. આવતીકાલે અધિકારીઓની મિટિંગ મળશે. ત્યારબાદ ૨૫મી નવેમ્બરના દિવસે ઓલપાવરફુલ જીએસટી કાઉન્સિલની મહત્વપૂર્ણ બેઠક મળનાર છે. આજની બેઠક અનિર્ણિત રહી હતી. ત્રણ કલાકથી વધુ સમય સુધી આ બેઠક ચાલી હતી. બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા જેટલીએ કહ્યું હતું કે, બેઠક અનિર્ણિત રહી છે. ૨૫મી નવેમ્બરના દિવસે આ બેઠક આગળ વધશે. મુદ્દો ખુબ જ જટિલ છે. અગાઉની બે જીએસટી કાઉન્સિલની બેઠકમાં પણ આ મુદ્દો છવાયેલો રહ્યો હતો. હવે આગામી બેઠકમાં પણ આ મુદ્દે સર્વસંમતિ સધાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. જીએસટીને પહેલી એપ્રિલ ૨૦૧૭થી અમલી કરવાની યોજના તૈયાર કરી લેવામાં આવી છે.

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો




## રાજ્યના પશુપાલકોના દૂધના નાણાં ચૂકવવા આર.બી.આઈ. દ્વારા ૧૦૦ કરોડની ફાળવણી

રાજ્ય સરકારે પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા દૂધ ઉત્પાદકોને દૂધના નાણાં મેળવવામાં વધુ સરળતા રહે તે માટે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયામાં કરેલી રજૂઆતના પગલે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા હકારાત્મક અભિગમ દાખવીને એકાદ દિવસમાં રૂ. ૧૦૦ કરોડ ફાળવવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો રદ કરવાના નિર્ણયને પગલે રાજ્યના દૂધ ઉત્પાદકોને પોતે ગામની દૂધ મંડળીમાં ભરેલા દૂધના નાણાં સમયસર સરળતાથી મળી રહે તે માટે રાજ્ય સરકારે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા સાથે સંકલન કરીને એકાદ દિવસમાં ૧૦૦ કરોડ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની જે તે ગામની શાખાઓ દ્વારા જે તે ગામની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને તેના દૂધ ઉત્પાદક સભાસદોને ચૂકવણું કરવાનું આયોજન કરાયું છે.

# કાળા નાણાની સામેની લડાઈ માટે વિરોધીઓને વાંધો શું છે : મોદી

## મમતા બેનર્જી અને માયાવતીના નામ લીધા વગર આરોપ કર્યા : ચીટફંડવાળા લોકોના તમામ નાણા જતા રહ્યા છે જેથી પરેશાની થાય તે સ્વાભાવિક : પ્રધાનમંત્રી

આગરા, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે યુપીના આગરામાં પરિવર્તન રેલીને સંબોધતા કહ્યું હતું કે, નોટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ ઘણા લોકોને તકલીફ પડી રહી છે. વિરોધ કરી રહેલા લોકોની મોદીએ જોરદાર ઝાટકણી કાઢી હતી. મોદીએ કહ્યું હતું કે, કાળા નાણાની સામે પગલા લેવામાં આવ્યા બાદ વિરોધ કરી રહેલા લોકોને તકલીફ કેમ થઈ રહી છે. તેમણે ઉમેર્યુ હતું કે, આ પગલા વિરોધીઓ સામે લેવામાં આવ્યા નથી. દેશને ભ્રષ્ટાચારીઓ, કાળા બજારિયાઓ અને કાળા નાણાથી મુક્ત કરવા માટે તેઓએ નિર્ણય કરી લીધો છે. આનાથી સૌથી વધારે આશીર્વાદ ગરીબ અને મધ્યમવર્ગથી મળી રહ્યા છે. આના માટે તેઓ માથું લોકોના કાળા નાણા જતા રહ્યા છે જેથી હલ્લો મચાવી રહ્યા છે. થઈ ગયા છે. દેશમાં ગરીબોને તેમના અધિકાર મળે તેવા પ્રયાસ થઈ રહ્યા



ઝુકવીને નમન કરે છે. મોદીએ નામ લીધા વગર પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, બહુજન સમાજ પાર્ટીના અધ્યક્ષ માયાવતી ઉપર પ્રહારો કર્યા હતા. પીએમે કહ્યું હતું કે, તેઓએ ચીટ ફંડવાળાઓને સજા આપી છે. ચીટફંડ વાળા માયાવતી ઉપર પણ નામ લીધા વગર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કેટલાક લોકો કહે છે કે, ધારાસભ્ય બનવાની જરૂર છે તો આટલા પૈસા લાવો. નોટ ભરી ભરીને થેલા મુકી રાખવામાં આવતા હતા. આ નોટોનું શું થશે. આ ખેલ તેમના કારણે બંધ છે. મધ્યમ વર્ગના શોષણને રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે. શારદા ચીટફંડ કૌભાંડમાં મમતા સરકારના કેટલાક પૂર્વ મંત્રી પણ આરોપી છે અને જેલ ભેગા થઈ ચુક્યા છે.

આવી જ રીતે માયાવતી ઉપર

● અનુસંધાન પાના ૭ પર

ન્યુરોન દર બુધવારે ન્યુરોનના ન્યુરોફીઝીશીયન વિસનગર અને માણસામાં...
● વાઈ /ખેંચ ● લકવા ● માથાનો દુ:ખાવો ● કંપવા / ધ્રુજારી ● મણકાની તકલીફ / સ્પાઈનના રોગો ● ચક્કર
ડૉ. કમલ નાગર (DM ન્યુરોલોજીસ્ટ) ૯૮૨૫૮૪૭૫૮૬
ડૉ. ભાવેશ સોલંકી (DM ન્યુરોલોજીસ્ટ) ૯૭૨૬૦૭૭૫૮૬
સમય : વિસનગર : સવારે ૧૧ થી ૨ માણસા : બપોરે ૩ થી ૬
વિસનગર બંસીધર સીટી સ્કેન સેન્ટર, ૫, વિસત કોમ્પલેક્ષ, શિર્ડીનગર સોસાયટી પાસે, મોર્ડન ઈંગ્લિશ સ્કૂલ પાસે, ધરોઈ કોલોની સામે, ખેરાલુ, અંબાજી હાઈવે રોડ. એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : મો : ૭૭૭૮૦૭૫૨૫૦
માણસા બંસીધર ડિઝીટલ એક્સ-રે, સોનોગ્રાફી ક્લિનીક, ૬ પહેલો માળ, ભગવતી શોપીંગ સેન્ટર, માર્કેટયાર્ડની સામે, એસ.ટી.રોડ. એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : મો : ૦૨૭૬૩-૨૭૩૬૦૦
ન્યુરોન, નહેરુનગર ચાર રસ્તા, હનુમાન મંદિર સામે, આંબાવાડી, અમદાવાદ-૧૫.
મો : ૦૯૯૨૫૯૦૭૫૮૬ / ૦૯૮૨૫૦૦૭૫૮૬ / ૦૯૯૦૯૭૦૭૫૮૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m. 8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR 09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m. E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR 09462597151, 09414119651

On the Occasion of MARRIAGE, Hastashilpi presents pure & probable silk at
હસ્તશિલ્પી
સિલ્કઇન્ડિયા™ 2016
Last 7 Days Only
Exhibition cum sale of pure silk products across the country
Be taught about India's dazzling pure and probable silks of Tassar, Eri, Mulberry & Muga Silk products, showcase purest silk goods by endorsed Silk Retailers, Manufacturers and Exporters of India.
Fortune Inn Haveli Imperial Hall (Above Radhe Sweets), Sector - 11, Gandhinagar
From 18th to 27th Nov. 2016
Time 10.30 am to 8.30 pm
પ્રદર્શિત થનારા ઉત્પાદનો :
બિહાર : ઓર્ગેનિક ટેસારી સિલ્ક સાડીઓ, સૂટ અને સ્ટોલ્સ,
કર્ણાટક : ક્રિપ સિલ્ક, જોર્જિયેટ સિલ્ક, એરિની સિલ્ક અને પ્રિન્ટેડ સાડીઓ,
તામિલનાડુ : કાંજિવરમ્ સિલ્ક સાડીઓ અને ડિઝાઇનર ફેન્સી સાડીઓ,
આંધ્ર પ્રદેશ : ધર્મવરા, ઉપ્પડા, ગઢવાલ, મંગલગીરી અને પોચમપલ્લી સાડીઓ,
ઉત્તર પ્રદેશ : મલબારી સિલ્ક, જામદની, જામવર સિલ્ક સાડીઓ અને શિફોન સિલ્ક,
મહારાષ્ટ્ર : ડિઝાઇનર ડ્રેસ મટિરીયલ્સ,
પંજાબ : પટિયાલા ડ્રેસ મટિરીયલ્સ,
ઓરિસ્સા : સંબલપુરી, ઇક્કત, બોમકાઈ સાડીઓ, હેન્ડલૂમ સિલ્ક કોટન,
છત્તીસગઢ : વિશિષ્ટ રૉ સિલ્ક સાડીઓ, કોસા સિલ્ક, ટેસ્સાર સૂટ અને દુપટ્ટા,
મધ્ય પ્રદેશ : મહેશ્વરી, ચંદેરી સિલ્ક સાડીઓ અને સૂટ,
પશ્ચિમ બંગાળ : બાલુચરી, ઢાકા મસલી, ગિચા સાડીઓ, બૂટિક સાડીઓ, કન્થા સાડીઓ, ઝરદોશી,
આસામ : મુગા અને એરી સિલ્ક સાડીઓ,
જમ્મુ-કાશ્મીર : ચનોન સિલ્ક, ટેબી સિલ્ક પ્રિન્ટેડ સાડીઓ, પશ્મીના શાલ અને સૂટ,
રાજસ્થાન : કોટા સિલ્ક, હેન્ડ બ્લૉક પ્રિન્ટ ડ્રેસ અને સાડી,
ગુજરાત : બાંધણી ડ્રેસ અને કૂર્તા અને બીજું ઘણું બધું...


All Credit & Debit Cards Accepted
Contact : +91 - 85534 16929 | +91 - 97560 25995
Organised by : hastashilpi